# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28.09.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **NATIONAL NEWS**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

*****************************************************

1) આજથી શરૂ થનારી ત્રણ દિવસીય રાષ્ટ્રવ્યાપી બેંક હડતાળ મુલતવી.

2) સર્વોચ્ચ અદાલત 2,000 રૂથી વધુના UPI વ્યવહારો પર MDR વસૂલવાના કેન્દ્રના નિર્ણયને પડકારતી અરજી પર આજે સુનાવણી કરશે.

3) કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ આજે નવી દિલ્હીમાં બે દિવસીય રાષ્ટ્રીય કૃષિ પરિષદનું ઉદ્ઘાટન કરશે.

4) મત્સ્યઉદ્યોગ, પશુપાલન અને ડેરી વિભાગ આજે નવી દિલ્હીમાં પશુધન વીમા પોર્ટલ શરૂ કરશે.

5) એશિયન ગેમ્સમાં, ગઇકાલે ભારતે વધુ સાત ચંદ્રક જીતતા ચંદ્રકો કુલની સંખ્યા 37 થઈ.

6) ભારતે પહેલી એક-દિવસીય ક્રિકેટ મેચમાં વેસ્ટ ઇન્ડીઝને આઠ વિકેટથી હરાવી શ્રેણીમાં 1-0 ની સરસાઈ મેળવી.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# BANK STRIKE-DEFERRED

આજથી શરૂ થનારી ત્રણ દિવસીય રાષ્ટ્રવ્યાપી બેંક હડતાળ મુલતવી રાખવામાં આવી છે.

ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોઈઝ એસોસિએશન (AIBEA) દ્વારા તેની પુષ્ટિ કરવામાં આવી છે. ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA) સાથે થયેલા કરાર બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. AIBEA એ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે હડતાળને મુલતવી રાખવાનો નિર્ણય ગઈકાલે રાત્રે IBA અને યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયનો વચ્ચે હડતાળ સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે મળેલી બેઠક બાદ લેવામાં આવ્યો છે. ગ્રાહકોની સુવિધા માટે ગઈકાલે રવિવારે પણ બેન્કો કાર્યરત રહી હતી.

# SC-UPI CHARGE

સર્વોચ્ચ અદાલત આજે કેન્દ્ર સરકારના 2,000 રૂપિયાથી વધુના UPI વેપારી વ્યવહારો પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) વસૂલવાના નિર્ણયને પડકારતી અરજી પર સુનાવણી કરશે.

લગભગ છ વર્ષથી અસ્તિત્વમાં રહેલી સંપૂર્ણપણે નિ:શુલ્ક UPI ચુકવણી સુવિધાનો અંત લાવતા, સરકારે 15 ઓક્ટોબરથી UPI પ્લેટફોર્મ દ્વારા કરવામાં આવતા 2,000 રૂપિયાથી વધુના વેપારી ટ્રાન્સફર પર શૂન્ય પોઈન્ટ ચાર ટકા ફી લાદી છે. તે જ સમયે, સરકારે સામાન્ય વ્યક્તિ-થી-વ્યક્તિ વ્યવહારો અને નાના ચુકવણીઓને કોઈપણ શુલ્ક મુક્ત રાખ્યા છે. 75,000 રૂપિયા અને તેથી વધુની ચુકવણી માટે મહત્તમ MDR મર્યાદા 300 રૂપિયા નક્કી કરવામાં આવી છે.

જાહેર હિતની અરજી માં કેન્દ્રના નિર્ણયને પડકારવામાં આવ્યો છે. અરજીમાં રજૂઆત કરવામાં આવી છે કે આ વસૂલાત પર્યાપ્ત કાયદાકીય સલામતી, પારદર્શિતા અથવા જાહેર પરામર્શ વિના લાગુ કરવામાં આવી છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને વી મોહનાની બેન્ચ આ અરજી પર સુનાવણી કરશે.

# SITHARAMAN-QATAR-VISIT

નાણામંત્રી નિર્મલા સીતારમણ આજે દોહામાં યોજાનારી એશિયન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ બેંક (AIIB) ના બોર્ડ ઓફ ગવર્નર્સની 11મી વાર્ષિક બેઠકમાં ભાગ લેશે. આ ઉપરાંત, તેઓ AIIB પ્રમુખ અને જોર્ડન, સ્વિટ્ઝર્લેન્ડ, અલ્જેરિયા, સાઉદી અરેબિયા અને નેપાળના તેમના સમકક્ષો સાથે મહત્વપૂર્ણ દ્વિપક્ષીય બેઠકોમાં પણ ઉપસ્થિત રહેશે. નાણા મંત્રાલયે જણાવ્યું છે કે આ મુલાકાત દરમિયાન, નાણામંત્રી કતાર સરકારના વડાને મળશે અને કતારના વેપારી અગ્રણીઓ અને રોકાણકારો સાથે પણ વાતચીત કરશે.

# SHIVRAJ--RABI-CAMPAIGN

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ આજે નવી દિલ્હીમાં બે દિવસીય રાષ્ટ્રીય કૃષિ પરિષદનું ઉદ્ઘાટન કરશે.

વિભાગ દ્વારા આયોજિત, આ પરિષદમાં આગામી રવિ સિઝનની તૈયારીઓ અને કૃષિ ક્ષેત્ર માટેની મુખ્ય પ્રાથમિકતાઓ પર થશે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ પરિષદમાં  કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે વધુ સંકલન અને કૃષિ ઉત્પાદન, ઉત્પાદકતા, ટકાઉપણું અને ખેડૂતોની આવક વધારવા માટે એક સામાન્ય વ્યૂહરચના વિકસાવવા પર વિચાર કરાશે.

# PORTAL-LAUNCH-RAJIV-RANJAN

કેન્દ્રીય મત્સ્યઉદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી રાજીવ રંજન સિંહ આજે નવી દિલ્હીમાં પશુધન વીમા પોર્ટલ લોન્ચ કરશે.

દેશમાં પશુધન વીમા સેવાઓના ડિજિટલ પરિવર્તન તરફ આ એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે.મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ પોર્ટલ પશુધન વીમા માટે એકીકૃત ડિજિટલ પ્લેટફોર્મ તરીકે સેવા આપશે, જે વીમા યોજના હેઠળ વીમો ઉમેર્યો હોય તેવા કરાયેલા પ્રાણીઓ માટે પોલિસી જારી કરવા, દાવાની પતાવટ, દેખરેખ અને રિપોર્ટિંગની પ્રક્રિયાને સરળ બનાવશે.

હિન્દી અને અંગ્રેજી ઉપરાંત, આ પોર્ટલ 11 પ્રાદેશિક ભાષાઓમાં સેવાઓ પણ પ્રદાન કરશે, જેનાથી પશુપાલકો તેમની પસંદગીની ભાષામાં માહિતી અને વીમા સેવાઓ મેળવી શકશે.

# DELHI SIR

ચૂંટણી પંચે દિલ્હીમાં સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) માટે સમયપત્રકમાં સુધારો કર્યો છે.

દાવાઓ અને વાંધા દાખલ કરવાની છેલ્લી તારીખ હવે 30 ઓક્ટોબર રહેશે. નોટિસ જારી કરવાની અને દાવાઓ અને વાંધા ઉકેલવાની પ્રક્રિયા 30 નવેમ્બર સુધીની રહેશે. અંતિમ મતદાર યાદી 4 ડિસેમ્બરે પ્રકાશિત થશે.

દિલ્હીના તમામ મતદાન મથકો પર ગઈકાલે ખાસ શિબિરો યોજવામાં આવી હતી. જેમાં નવા મતદારોની નોંધણીની સુવિધા સહિત અન્ય ચૂંટણી સેવાઓ પૂરી પાડવામાં આવી હતી.

# UP RAIN

ઉત્તર પ્રદેશમાં, શુક્રવારથી વાવાઝોડા અને વરસાદ સંબંધિત ઘટનાઓમાં 56 લોકોનાં મોત થયા છે. રાજ્યના ઘણા ભાગોમાં સતત ભારે વરસાદને કારણે સામાન્ય જનજીવન ખોરવાયુ છે.

આ અંગે પ્રસ્તુત છે એક અહેવાલ

**(BYTE – SUSHIL TIWARI)**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# SURGICAL-STRIKE-ANNIVERSARY

ભારત આજે સર્જિકલ સ્ટ્રાઈકની દસમી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યું છે. 28 અને 29 સપ્ટેમ્બર, 2016 ની રાત્રે, સેનાએ નિયંત્રણ રેખા પાર આતંકવાદી ઠેકાણાઓ સામે લક્ષિત કાર્યવાહી હાથ ધરી હતી. 18 સપ્ટેમ્બરના રોજ ઉરી આતંકવાદી હુમલામાં 18 ભારતીય સૈનિકો શહીદ થયા બાદ આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ત્યારબાદ 2019 માં બાલાકોટ અને 2025 માં ઓપરેશન સિંદૂરમાં પાકિસ્તાન સામે કાર્યવાહી કરવામાં આવી હતી. આ કાર્યવાહી આતંકવાદ સામે ભારતની સુરક્ષા નીતિમાં પરિવર્તન દર્શાવે છે.

ગઈકાલે મન કી બાત કાર્યક્રમમાં, પ્રધાનમંત્રી મોદીએ 2016 ની સર્જિકલ સ્ટ્રાઈકને એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ ગણાવી હતી. તેમણે કહ્યું હતું કે છેલ્લા દાયકામાં આતંકવાદનો સામનો કરવા માટે ભારતનો અભિગમ બદલાયો છે. આતંકવાદ સામે ભારત હવે શૂન્ય સહિષ્ણુતા" ની નીતિ ધરાવે છે.

# ASIAN-GAMES---CRICKET.

એશિયન ગેમ્સમાં,આજે પુરુષો ક્રિકેટ ટુર્નામેન્ટના બીજા ક્વાર્ટર ફાઇનલમાં ભારતનો મુકાબલો અફઘાનિસ્તાન સામે થશે. આ મેચ ભારતીય સમય મુજબ સવારે 10:30 વાગ્યે શરૂ થશે. શ્રેયસ ઐયરની કેપ્ટનશીપ હેઠળ ભારત સીધા ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી ગયું છે જ્યારે, અફઘાનિસ્તાન જાપાનને હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યું છે.

એશિયન ગેમ્સમાં, ગઇકાલે ભારતે વધુ સાત ચંદ્રક જીતતા ચંદ્રકો કુલની સંખ્યા 37 થઈ છે

પ્રસ્તુત છે એક અહેવાલ

(BYTE – SIDHARTH)

# MEN'S CRICKET

ભારતે તિરુવનંતપુરમમાં રમાયેલી પહેલી એક-દિવસીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં વેસ્ટ ઇન્ડીઝને આઠ વિકેટથી હરાવી શ્રેણીમાં 1-0 ની સરસાઈ મેળવી છે.

296 રનના લક્ષ્યાંકના જવાબમાં, ભારતે 41 ઓવર અને ચાર બોલમાં બે વિકેટ ગુમાવીને 300 રન બનાવીને વિજય મેળવ્યો. વિરાટ કોહલીએ અણનમ 139 રન બનાવીને ભારતની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. વન-ડે ક્રિકેટમાં આ તેમની 55મી સદી છે. આ સાથે, તેઓ  સચિન તેંડુલકર પછી વન-ડે ક્રિકેટમાં 15 હજાર રન પૂર્ણ કરનાર બીજા બેટ્સમેન બન્યા  છે. કેપ્ટન ગિલે પણ ૧૧૦ રન બનાવી જીતમાં  મુખ્ય ભૂમિકા ભજવી હતી. અગાઉ વેસ્ટ ઈન્ડિઝે 50 ઓવરમાં સાત વિકેટે 295  રન બનાવ્યા હતા. ભારત તરફથી કુલદીપ યાદવે ચાર વિકેટ લીધી હતી કુલદીપ યાદવને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

------------------------

પુલ – નિકિતા શાહ – ધ્વનિત રાવલ

# ASIAN-GAMES---CRICKET.

એશિયન ગેમ્સમાં,આજે પુરુષો ક્રિકેટ ટુર્નામેન્ટના બીજા ક્વાર્ટર ફાઇનલમાં ભારતનો મુકાબલો અફઘાનિસ્તાન સામે થશે. આ મેચ ભારતીય સમય મુજબ સવારે 10:30 વાગ્યે શરૂ થશે. શ્રેયસ ઐયરની કેપ્ટનશીપ હેઠળ ભારત સીધા ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી ગયું છે જ્યારે, અફઘાનિસ્તાન જાપાનને હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યું છે.

એશિયન ગેમ્સમાં, ગઇકાલે ભારતે વધુ સાત ચંદ્રક જીતતા ચંદ્રકો કુલની સંખ્યા 37 થઈ છે

પ્રસ્તુત છે એક અહેવાલ

(BYTE - SIDHARTH)

# MEN'S CRICKET

ભારતે તિરુવનંતપુરમમાં રમાયેલી પહેલી એક-દિવસીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં વેસ્ટ ઇન્ડીઝને આઠ વિકેટથી હરાવી શ્રેણીમાં 1-0 ની સરસાઈ મેળવી છે.

296 રનના લક્ષ્યાંકના જવાબમાં, ભારતે 41 ઓવર અને ચાર બોલમાં બે વિકેટ ગુમાવીને 300 રન બનાવીને વિજય મેળવ્યો. વિરાટ કોહલીએ અણનમ 139 રન બનાવીને ભારતની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. વન-ડે ક્રિકેટમાં આ તેમની 55મી સદી છે. આ સાથે, તેઓ સચિન તેંડુલકર પછી વન-ડે ક્રિકેટમાં 15 હજાર રન પૂર્ણ કરનાર બીજા બેટ્સમેન બન્યા છે. કેપ્ટન ગિલે પણ 110 રન બનાવી જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. અગાઉ વેસ્ટ ઈન્ડિઝે 50 ઓવરમાં સાત વિકેટે 295 રન બનાવ્યા હતા. ભારત તરફથી કુલદીપ યાદવે ચાર વિકેટ લીધી હતી કુલદીપ યાદવને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડિયા

- આજના અખબારોમાં વિવિધ સમાચારો છપાયા છે.
- સંદેશે લખ્યું છે કે, પ્રિપેઇડ ધારકોને હવે 30 દિવસનું રિચાર્જ મળશે.
- ગુજરાત સમાચારે "રાષ્ટ્રીયકૃત બેન્કોની આજથી થનારી 3 દિવસની હડતાળ મુલતવી રહી" ના સમાચાર છેલ્લા પાને લીધા છે.
- દિવ્ય ભાસ્કર લખે છે કે, રેલવેમાં 2030 સુધીમાં ડીઝલનો વપરાશ શૂન્ય કરવાનો લક્ષ્યાંક: શાહ
- ફૂલછાબ લખે છે કે, યુનોમાં ભારતને રશિયાનું સમર્થન.
- અને નવગુજરાત સમય લખે છે કે, એસી, ટીવી, વોશિંગ મશીન 8% સુધી મોંઘા થશે.
- સ્થાનિક સમાચારોમાં જોઈએ તો સાબરમતી સ્ટેશનથી દેશની પ્રથમ LNG ટ્રેનને લીલીઝંડી, ગિફ્ટ સિટીમાં 'ગુજરાત પ્રવાસન વર્ષ' નો લોગો 'ગુજરાત ફિલ્મ શૂટિંગ પરમિશન પોર્ટલ' લોન્ચ, ગુજરાતનાં 108 જળાશયોમાં 50 ટકાથી ઓછું જળસ્તર જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.